દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં નાના પાયાના ઉદ્યોગોની ભૂમિકા

❖ પ્રસ્તાવનાઃ-

વિશ્વના કોઈપણ રાષ્ટ્ર પર દ્રષ્ટિપાત કરીશું તો જણાઈ આવે છે કે, વિકસીત, વિકાસમાન કે અલ્પવિકસિત રાષ્ટ્રમાં આર્થિક પ્રવૃતિના મુખ્યત્વે ત્રણ પ્રકાર જોવા મળે છે. જેમાં પ્રાથમિકક્ષેત્ર, દ્વિતિયક્ષેત્ર તથા તૃતીયક્ષેત્ર એમ ત્રણ ક્ષેત્રો કાર્યશીલ હોય છે. જેમાં પ્રાથમિક ક્ષેત્રમાં કૃષિક્ષેત્ર અને તેના આનુષંગિક ઉદ્યોગો, દ્વિતિયક્ષેત્ર / આનુષંગિક ક્ષેત્રમાં મુખ્યત્વે ઔદ્યોગિક ક્ષેત્ર તથા બાંધકામને લગતી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. તેમજ તૃતીયક્ષેત્ર / સેવાક્ષેત્રમાં - શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, વિમા, બેંકિગક્ષેત્રોને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આપણે કુઝનેટ્સ (૧૯૫૫)[1]ના મંતવ્ય અનુસાર જોઈએ તો કોઈપણ રાષ્ટ્રમાં વિકાસના પ્રથમ તબકકા દરમિયાન કૃષિક્ષેત્ર આગળ હોય છે ત્યાર બાદ દ્વિતીયક્ષેત્ર અને તૃતીયક્ષેત્ર તેમ આ વિચારસરણી મુજબ આપણા ભારતીય અર્થતંત્રનો અભ્યાસ કરીએ તો જણાશે કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિના સમયગાળા દરમિયાન બીજા શબ્દોમાં કહીએ તો આપણે આયોજન અપનાવ્યું તે સમયગાળા દરમિયાન વર્ષ ૧૯૫૦-૫૧માં આપણી રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ૫૫.૩% હતો.[2] અર્થાત આપણુ અર્થતંત્ર કૃષિપ્રધાન અર્થતંત્ર તરીકે ઓળખાતું હતું. ત્યારબાદ ઔદ્યોગિકક્ષેત્રનો ૧૬.૧ % અને સેવાક્ષેત્રનો ૨૮.૬ % હતો. પરંતુ વર્તમાન સમયગાળામાં કૃષિક્ષેત્રનો ફાળો ક્રમશઃ ઘટતો ઘટતો ૨૦૧૦-૧૧ માં ૧૭.૨% રહેવા પામ્યો છે. ઔદ્યોગિકક્ષેત્રનો વધીને ૨૬.૪ % સેવાક્ષેત્રનો હિસ્સો ૫૬.૪ % થવા પામ્યો છે. આમ, ઔદ્યોગિકક્ષેત્ર અને સેવાક્ષેત્રનું મહત્ત્વ ઉત્તરોતર વધતુ ગયુ છે જે દર્શાવે છે કે આપણે આર્થિક વિકાસની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

1 Kuznets, Simon. (1955). Economic Growth and Income Inequlity. *The American Economic Review*. Vol. 45, No.1, pp. 128.

2 *Reserve Bank of India Bulletin*, 1 May 2007, p. 608.

3 http://en.wikipedia.org/wiki/Economy_of_India (Surfing Date: 09/08/2012)

પશ્ચિમના હાલના વિકસીત રાષ્ટ્રોના આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઝડપી ઔદ્યોગિક વિકાસ મુખ્ય છે કે જેમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ અને ટેકનોલોજીકલ પરિવર્તનો દ્વારા તેઓ આર્થિક વિકાસના ઉંચા તબકકા પર પહોંચી શકયા હતા. તેથી જ અત્યારના અલ્પ વિકસીત દેશો પોતાના આર્થિક વિકાસ માટેની વ્યુહરચનામાં ઔદ્યોગિક વિકાસને પ્રાધાન્ય આપે છે અને ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્ર માટે તો ઔદ્યોગિકક્ષેત્ર આર્થિક વિકાસની પ્રક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. કારણકે તે દેશના મોટા શ્રમબજારને રોજગારી પૂરી પાડે છે જેના પરિણામે લોકોની આવક વધતાં અંતે તે કુલ માથાદીઠ આવક અને રાષ્ટ્રીય આવકમાં વધારો જન્માવે છે અને જે આર્થિક વિકાસમાં પરિણમે છે.

ભારત દેશના સંદર્ભમાં ઔદ્યોગિકક્ષેત્રનું મહત્ત્વ તપાસતા જણાઈ આવે છે કે આપણે આયોજન અપનાવ્યુ અર્થાત્ ૧૯૫૦-૫૧ ના સમયગાળામાં આપણું અર્થતંત્ર કૃષિક્ષેત્ર પર નિર્ભર હતું એ હાલ પ્રવર્તમાન સમયગાળામાં ઔદ્યોગિકક્ષેત્ર તુલનાત્મક રીતે કૃષિક્ષેત્ર કરતાં વધુ મહત્ત્વનું બની રહ્યું છે. અને વિશ્વના ભારત સહિતના તમામ રાષ્ટ્રો ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ સ્વીકારી રહ્યા છે અને તેના વિકાસ માટે બનતા તમામ સઘન પ્રયત્નો કરી રહ્યા છે.

આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રો પૈકી ઔદ્યોગિકક્ષેત્રએ ભારતીય અર્થતંત્રમાં વર્તમાન સમયગાળામાં તુલનાત્મક રીતે વધુ મહત્ત્વનું બની રહ્યું છે. આ ઔદ્યોગિક ક્ષેત્રમાં નાના પાયાના ઉદ્યોગ, મધ્યમકદના ઉદ્યોગ અને મોટા કદના ઉદ્યોગોનો સમાવેશ થાય છે. જે પૈકી નાના પાયાના ઉદ્યોગો રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં પાયારૂપ ભૂમિકા ભજવે છે. જેનું પ્રમુખ કારણ એ છે કે નાના પાયાના ઉદ્યોગોમાં તુલનાત્મક રીતે ઓછા મૂડીરોકાણની જરૂર પડે છે ઉપરાંત તે વધુ લોકોને રોજગારી આપવામાં સક્ષમ છે વળી નાના પાયાના ઉદ્યોગોમાં પરિપકવતાનો ગાળો ટૂંકો હોય છે. નાના પાયાના ઉદ્યોગોમાં સેવાક્ષેત્રની માફક કે મોટા પાયાના ઉદ્યોગોની જેમ કુશળ શ્રમિકોની જરૂરિયાત ઉભી થતી નથી. માટે એવા શ્રમિકો જેઓ કૃષિક્ષેત્રે નિર્ભર હોય જેમના શ્રમની સીમાંત ઉત્પાદકતા નહિવત (લગભગ શૂન્ય) છે તેવા શ્રમિકોને આવા નાના પાયાના ઉદ્યોગોમાં ખસેડવામાં આવે તો તેનાથી ઘણા આર્થિક સામાજિક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તેમ છે. ઉદાહરણ તરીકે;

(૧) કૃષિક્ષેત્રની સરેરાશ ઉત્પાદકતામાં વધારો લાવી શકાય.

(૨) નાના પાયાના ઉદ્યોગોમાં રોજગારીના પ્રમાણમાં વધારો લાવી શકાય.

(૩) આવકની વધુ સમાન વહેંચણી કરી શકાય.

(૪) ઔદ્યોગિક ક્ષેત્રના કુલ ઉત્પાદનમાં વધારો કરી શકાય.

ઔદ્યોગિક ક્રાતિના ફળ સ્વરૂપ વિકસીત તેમજ વિકાસમાન રાષ્ટ્રોમાં ઔદ્યોગિક ક્ષેત્રનું સરેરાશ કદ વિસ્તરણ પામતું ગયું છે. રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય બજારનુ કદ વિશાળ હોવાને લઈને રાષ્ટ્રમાં મોટા પાયાના ઔદ્યોગિક સાહસોનો વિકાસ મોટા પાયા પર થયો છે. આમ, છતાંય ૧૯૭૦ થી ૧૯૮૦ ના સમયગાળા દરમિયાન વિકસિત રાષ્ટ્રનું વલણ બદલાયું છે. હવે ત્યાની સરકારોએ "small is beautiful" અર્થાત્ "નાનુ સાહસ સુંદર સાહસ" તે દષ્ટ્રિકોણથી જોતા થયા છે અને નાના ઉદ્યોગ સંબંધી તેમને ઉત્તેજન આપવાના ધારા, નીતિ ઘડેલ છે.

અભ્યાસની પસંદગી :-

ભારતના પશ્ચિમમાં આવેલું ગુજરાત રાજયએ ભારતીય અર્થતંત્રમાં પસંદગીના રાજયોમાં પ્રવર્તમાન સમયગાળામાં ઔદ્યોગિક દષ્ટ્રિએ આજે મોખરાનું સ્થાન ધરાવે છે. ૧લી મે ૧૯૬૦માં ગુજરાત રાજયની અલગ રાજય તરીકેની સ્થાપના થયા બાદ ગુજરાતે શૂન્યમાંથી સર્જન કર્યુ છે. આ ગુજરાત રાજયમાં ખાસ કરીને ઉદ્યોગોનો વિકાસ વડોદરાથી વાપી સુધીની પટ્ટી કે જે "ગોલ્ડન કોરીડોર" (સુવર્ણ પટ્ટી) તરીકે ઓળખાય છે, ત્યાં વિશેષ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. જયારે અન્ય વિસ્તારમાં તુલનાત્મક રીતે ઔદ્યોગિક વિકાસ નુ પ્રમાણ/ સ્તર ઉતરતી કક્ષાનુ રહયુ છે. ગુજરાત રાજય નુ ભૌગોલિક દષ્ટ્રિ એ વિભાજન કરતા ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ ક્ષેત્રિય વિભાજનમાં "ગોલ્ડન કોરીડોર" એ મધ્ય ગુજરાતથી દક્ષિણ ગુજરાત સુધી વિસ્તરેલો જોવા મળે છે. જેમાં ભરૂચ, અંકલેશ્વર, પાનોલી, કોસંબા, કીમ, સુરત, ઉધના, સચીન, વલસાડ અને વાપી આ વિસ્તાર કે જે દક્ષિણ ગુજરાતમાં આવેલો છે. અને આ વિસ્તારમાં ઉદ્યોગો નો વિકાસ સારા એવા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. પરંતુ આ વિસ્તાર સિવાયના દક્ષિણ ગુજરાતના અન્ય કેટલાંક વિસ્તારો કે જે ઔદ્યોગિક રીતે પછાત

રહી જવા પામ્યા છે અને આ દક્ષિણ ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ અસમતોલ રહેવા પામ્યો છે.[૪] જો આ દક્ષિણ ગુજરાતમાં પ્રાદેશિક સમતુલા સ્થાપવી હોય તો ઔદ્યોગિક રીતે પછાત વિસ્તારમાં લઘુઉદ્યોગને પ્રોત્સાહન આપી તેના વિકાસ દ્વારા પછાત પ્રદેશોને આગળ લાવી શકાય. આ અન્વયે પ્રસ્તુત અભ્યાસ માટે દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં લઘુઉદ્યોગનો વિકાસ એ વિષયની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત અગાઉ સંશોધકે એમ. ફિલ. ડીગ્રી માટે "રોજગારી અને લઘુઉદ્યોગના વિકાસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભૂમિકા (ભરૂચ જિલ્લાના સંદર્ભમાં)" વિષય ઉપર સંશોધન કાર્ય કરેલ છે.

અભ્યાસના હેતુઓ :-

૧. દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં લઘુઉદ્યોગનો ફાળો તપાસવો.

૨. દક્ષિણ ગુજરાતમા નોંધાયેલા લઘુઉદ્યોગનું પ્રમાણ જિલ્લાવાર તપાસવું.

૩. દક્ષિણ ગુજરાતમા આવેલ લઘુઉદ્યોગમાં થયેલ મૂડીરોકાણનું પ્રમાણ અને તેમાંથી ઉભી થયેલ રોજગારીનું પ્રમાણ તપાસવું.

૪. છેલ્લા દસ વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર, તાલુકાવાર નોંધાયેલા લઘુઉદ્યોગ એકમ, તેમાં થયેલ મૂડીરોકાણ અને તેમાંથી ઉભી થયેલ રોજગારીનુ પ્રમાણ તપાસવુ.

૫. દક્ષિણ ગુજરાતમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચાલતી લઘુઉદ્યોગ સહાયક યોજનાઓનો અભ્યાસ કરવો તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભૂમિકા તપાસવી.

૬. દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લા, વિસ્તારમાં લઘુઉદ્યોગ એકમોના વિકાસનો તુલનાત્મક અભ્યાસ કરવો.

૭. દક્ષિણ ગુજરાતમાં માંદા લઘુઉદ્યોગ એકમોનું જિલ્લાવાર પ્રમાણ તપાસવું.

૮. દક્ષિણ ગુજરાતમાં બંધ થયેલા લઘુઉદ્યોગ એકમોનું જિલ્લાવાર પ્રમાણ તપાસવું.

૪ પરમાર ભાવેશ આર. (ઓકટોબર, ૨૦૦૮). "રોજગારી અને લઘુઉદ્યોગના વિકાસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભૂમિકા *(ભરૂચ જિલ્લાના સંદર્ભમાં)*". એમ.ફિલ. લઘુશોધનિબંધ (અપ્રકાશિત). સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

૯ દક્ષિણ ગુજરાતમાં લઘુઉદ્યોગમાં હડતાલ/ તાળાબંધીના કારણે બગડેલા માનવ દિવસોનું જિલ્લાવાર પ્રમાણ તપાસવું.

૧૦ દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર આવેલા લઘુઉદ્યોગનું જુથ પ્રમાણે વર્ગીકરણ તપાસવું.

૧૧ દક્ષિણ ગુજરાતમાં આવેલા જિલ્લાઓમાં પ્રવર્તમાન લઘુઉદ્યોગના ગુચ્છ (Cluster) ના વિકાસ અંગેની તકોની તપાસ કરવી.

૧૨ ઔદ્યોગિક નીતિ (૨૦૦૯) ના સંદર્ભમાં નાના પાયાના ઉદ્યોગોને પ્રાપ્ત થતી સવલતોનો અભ્યાસ કરવો.

અભ્યાસના પરિકલ્પના :-

૧. દક્ષિણ ગુજરાતમાં લઘુઉદ્યોગનો વિકાસ એકસમાન રહયો નથી.

૨. લઘુઉદ્યોગના વિકાસ દ્વારા લોકોના જીવન ધોરણમાં સુધારો આવે છે.

૩. લઘુઉદ્યોગ દ્વારા આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસને વેગ મળે છે.

૪. દક્ષિણ ગુજરાતમા લઘુઉદ્યોગનો વિકાસ માત્ર સુવર્ણપટ્ટી સુધી મર્યાદિત રહ્યો છે.

૫. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસને વેગ મળે છે.

૬. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર નાના પાયાના ઉદ્યોગોના વિકાસ દ્વારા સીધી તથા પરોક્ષ રોજગારીની તકોમાં વધારો લાવે છે.

❖ સાહિત્યનુ વિહંગવાલોકન

1. District Industrial Centre for the Development of Small Industry". Mishra R.N. (ed.). *Problem and Prospects of Small Industry*, New Delhi: Discovery Publishing House.

અનીલકુમાર સાહુ અને સત્ય.એન.પાથી તેઓ બન્ને ભેગા મળી આ અભ્યાસ હાથ ધર્યો છે જે ઓરિસ્સા રાજયના ગંજમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સંદર્ભમાં અભ્યાસ કર્યો છે. જેનો મુખ્ય હેતુ ગંજમ

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો નાના પાયાના ઉદ્યોગના વિકાસમાં શું ફાળો છે ? તે રહેલો છે. અને તે માટે તેઓએ ફકત સેકન્ડરી ડેટા પર આધારિત અભ્યાસ હાથ ધર્યો છે.

તેઓએ તેમના આ અભ્યાસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને એક નોડલ એજન્સી તરીકે વર્ણવી છે. એ ઓરિસ્સા રાજય જે ઔદ્યોગિક રીતે પછાત છે પરંતુ રાજયમાં આવેલ વિપુલ પ્રમાણમાં જંગલ સંપત્તિ, જળસ્ત્રોત, લાંબો દરિયા કિનારો, ખનિજ સંપત્તિ વગેરે વિપુલ કુદરતી સાધન સંપત્તિના વિવેક પૂર્ણ મહત્તમ ઉપયોગ દ્વારા ઓરિસ્સા ધનવાન રાજય તરીકે બહાર આવી શકે તેમ છે. પરંતુ તે માટે ઔદ્યોગિક ક્ષેત્ર પર ભાર મૂકવાનુ તેઓએ જણાવ્યુ છે અને ૧૯૭૮માં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની સ્થાપના બાદ લઘુઉદ્યોગ અને મોટા-મધ્યમ કદના ઔદ્યોગિક એકમોની સંખ્યામાં પણ વધારો થયો છે અને સાથે સાથે રોજગારીની તકો પણ વધવા પામી છે. તેઓ લઘુઉદ્યોગની તરફેણમાં એવી દલીલ કરે છે કે લઘુઉદ્યોગ એ રોજગારી સર્જન અને તેના પરિણામ સ્વરૂપ પ્રાદેશિક આર્થિક અસમાનતા દૂર થાય છે.

૨. સંઘવી, રજનીકાંત એલ.(૧૯૯૦) નાના પાયાના ઉદ્યોગો.અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

ડૉ. રજનીકાંત એલ. સંઘવી પોતાના લઘુ પુસ્તક 'નાના પાયાના ઉદ્યોગો' કે જે પાંચ પ્રકરણમાં વહેંચાયેલુ છે. જેમાં નાના પાયાના ઉદ્યોગોની વ્યાખ્યા, સ્વરૂપ, મોટા તથા નાના ઉદ્યોગો વચ્ચેનો સંબંધ, મહત્ત્વ, નાના પાયાના ઉદ્યોગોની કાર્યક્ષમતા, લાભાલાભ, ભારતમાં વર્તમાન સમયગાળામાં નાના પાયાના ઉદ્યોગો, તેનો સંક્ષિપ્ત ઇતિહાસ, વિદેશોમાં નાના પાયાના ઉદ્યોગોનું સ્થાન અને મહત્ત્વ તે ઉપરાંત નાના પાયાના ઉદ્યોગો અંગેની સરકારની નીતિ, પછાત જિલ્લાઓમાં ઔદ્યોગિક સાહસો સ્થાપવા માટેના પ્રોત્સાહનો, તે અંગેના કાર્યક્રમ, વિવિધ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ વગેરે વિષયો પર આ પુસ્તકમાં છણાવટ કરવામાં આવી છે. તમામ બાબતોને ડૉ. સંઘવી એ તેમના પુસ્તકમાં સમાવી લીધી છે. નાના પાયાના ઉદ્યોગોનું અર્થકારણ મોટા કે મધ્યમ કદના ઉદ્યોગોથી જુદુ હોય છે. ઉત્પાદનની રીતે જોઈએ કે રોજગારી પૂરી પાડવાની દષ્ટિએ કે પછી વિકેન્દ્રી અર્થકારણની રીતે જોઈએ તો નાના કદના ઉદ્યોગો આપણા દેશમાં ઝડપથી પ્રગતિ કરતા જાય છે. મોટા પાયાના ઉદ્યોગો સાથેના સ્પર્ધામાં તેઓ ટકી રહ્યા છે અને ઘણા ક્ષેત્રોમાં મોટા ઉદ્યોગના પૂરક ઉદ્યોગો તરીકે પણ પોતાનો ફાળો આપી રહ્યા છે. આ તમામ મુદ્દાઓની અર્થપૂર્ણ રીતે ચર્ચા કરી

છે અને વિષયને સરળ રીતે રજૂ કરેલ છે. જયાં જયાં આવશ્યક હોય ત્યાં જરૂરી માહિતી તથા આંકડા આપ્યાં છે. પરંતુ વધુ પડતા આંકડાઓ અને માહિતી ન આપતા મહદ્દઅંશે માહિતીને બદલે વિશ્લેષણ પર વિશેષ ઝોક આપ્યો છે.

પુસ્તકને અંતે પરિશિષ્ટમાં ગુજરાતમાં લઘુ ઔદ્યોગિક સાહસ શરૂ કરવા અંગે સામાન્ય માર્ગદર્શન પણ આપવાનો પ્રયત્ન કર્યો છે.

૩. ડૉ. જોષી નંદાબેન અને કુ. જોષી મેઘા (ફેબ્રુઆરી ૨૦૧૧) *"ગુજરાતનું અર્થતંત્ર અને લઘુઉદ્યોગો"*; વર્ષ : ૪૪, અંક ૨ અર્થસંકલન

પ્રસ્તુત લેખ ડૉ. નંદાબેન જોષી અને કુ. મેઘા જોષી એ સંયુકત પણે રજૂ કર્યુ છે. જેમાં તેઓ એ ગુજરાતનુ અર્થતંત્ર અને લઘુઉદ્યોગ એ વિષય પર આંકડાકીય બાબતોનો સહારો લઈને લઘુઉદ્યોગનુ મહત્વ, લાભ, સમસ્યા અને નીતિ વિષયક સુચનો વગેરે બાબતો પર પોતાના સંશોધનાત્મક વિચારો રજૂ કર્યા છે. જેમાં તેઓ જણાવે છે કે , કોઈપણ દેશનુ સામાજીક, રાજકીય જીવન ત્યાનાં ઔદ્યોગિક જીવન પર આધારિત છે. અમેરિકા, ઈગ્લેંડ, જાપાન, રશિયા વગેરે વિકસિત દેશોએ ઝડપી વિકાસ દ્વારા પ્રગતિ હાંસલ કરી છે. ભારતે પણ સ્વાતંત્રતા પ્રાપ્તિ બાદ ઐદ્યોગિક ક્ષેત્રે અનેકવિધ વિકાસ હાંસલ કરેલ છે. ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રનુ મહત્વ દર્શાવતાં તેઓ જણાવે છે કે મૂડીરોકાણની દૃષ્ટિ એ ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે આવે છે. સમગ્ર દેશમાં સૌથી વધુ મીઠુ અહી પેદા થાય છે. મત્સ્ય ઉત્પાદનક્ષેત્રે પણ ગુજરાતની આ બાબત નોંધનીય છે. આરોગ્યક્ષેત્રેની વાત કરીએ તો દેશમા સૌથી વધુ દવા અહી ઉત્પન્ન થાય છે. ગુજરાતમાં ઔઘોગિકક્ષેત્રના વિવિધ પ્રોજેકટની મંજુરીઓ અને તેના સૌથી ઝડપી અમલીકરણની કામગીરીની બાબતમાં પણ ગુજરાત અગ્રેસર રહયુ છે. આ સિવાય આ લેખમાં સંશોધકે લઘુઉદ્યોગ નો અર્થ, વ્યાખ્યા, મહત્વ અને લઘુઉદ્યોગ વિષયક સરકારની નીતિઓ વગેરેની ટૂંકમાં પરંતુ મહત્વની જરૂરી વિગતો રજૂ કરી છે.

આ સાથે તેઓએ ગુજરાતમાં લધુઉઘોગનુ સ્થાન, લધુઉઘોગ વિકાસને વધુ સમતોલ બનાવવા અંગેના નીતિવિષયક સૂચનો અત્રે રજૂ કર્યા છે.

4. Paramasivan C. (june 15, 2000)"Economics of Small Scale Textile Industries : A Micro Study" Southern Economist Vol.48 No. 20

આ પેપરનો મુખ્ય ઉદ્દેશ તમિલનાડુ રાજયના તીરુપુર નગરમાં રોકાયેલા લઘુઉદ્યોગ એકમનો તલસ્પર્શી અભ્યાસ છે. જે પ્રાયમરી અને સેકન્ડરી ડેટા પર આધારિત છે. પ્રાથમિક માહિતી એ ૭૭ નિયોજક ઉત્તરદાતા તરફથી મેળવેલ છે, જે પ્રશ્નાવલી સ્વરૂપે પ્રાપ્ત કરી છે.જયારે સેકન્ડરી ડેટા એ સરકારી કચેરી દ્વારા પ્રકાશિત માહિતી ઉપર આધારિત છે. આ સંશોધનનો પ્રશ્ન એ છે કે લઘુઉદ્યોગ એ ભારતના આર્થિક વિકાસમાં મુખ્ય ભાગ ભજવે છે, પરંતુ આ લઘુઉદ્યોગ એકમને ઘણા પ્રશ્નનો સામનો કરવો પડે છે, જેમકે ધિરાણ, વિસ્તૃત બજારના લાભનો અભાવ, કાચા માલ સામાન, ઉત્પાદિત વસ્તુની ગુણવત્તા, ઓછી ઉત્પાદકતા અને સૌથી અગત્યનો વર્તમાન પ્રશ્ન એ વૈશ્વિક હરિફાઇ સંશોધન લેખમાં જાણવા મળ્યુ છે કે લઘુઉધોગ એ રોજગારી સર્જનમાં, ઓછા મૂડીરોકાણે વધુ ઉત્પાદન, સ્થાનિક સંશાધનોનો ઉપયોગ અને પ્રાદેશિક અને આવકની અસમાનતા નિવારણમાં ખુબ જ અગ્ર સ્થાન ધરાવે છે. અને વિશેષ બાબત તો એ રહી છે કે તીરુપુર ના કાપડ ઉદ્યોગ ક્ષેત્રે રોકાયેલ લઘુઉદ્યોગ એ નિકાસ ક્ષેત્રે દેશમાં આધિપત્ય ભોગવી રહયા છીએ.

આ સમગ્ર સંશોધનનુ મુખ્ય તારણ એ છે કે જે માંદા લઘુઉધોગ છે એની પાછળનુ કારણ ધિરાણ અને માર્કેટીંગ ની સમસ્યા રહેલી છે. જો સરકાર તરફથી યોગ્ય સમયે, યોગ્ય સહાય આપવામાં આવે તો આ લધુઉધોગ એકમ પાછા બેઠા થઇ શકે એમ છે.

5. Ayyannar G. (jan 15, 2012.)*"Employment Opportunity and Export performance of SSI in India. "*, Southern Economist Vol-50/ No.18

પ્રસ્તુત લેખમાં લેખક નાના પાયાના ઉદ્યોગ એ રોજગારી વર્ધક અને નિકાસ કમાણીમાં ખૂબજ અગત્યનુ સ્થાન ધરાવે છે, એમ દર્શાવ્યુ છે. જે કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૦ ટકા ફાળો અને કુલ રાષ્ટ્રની નિકાસમાં ૩૫ થી ૪૦ ટકા ફાળો ધરાવે છે. જેમાં રોજગારી વિષયક ૧૯૯૫-૯૬ થી ૨૦૦૧-૦૨ ના આંકડાકીય માહિતી રજૂ કરી છે. જે દ્વારા લેખક એ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે કે નાના પાયાના ઉદ્યોગ એ ઓછી મૂડી થી શરૂ કરી શકાય છે, સ્થાનિક ઉત્પાદન શકિત, કાચામાલ સામાનનો

ઉપયોગ શકય બને છે. જેમાં તેઓ આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનુ વિધાન ટાંકીને જણાવે છે કે ૨૦૨૦ સુધીમાં ભારત એ વિકસીત રાષ્ટ્ર હશે અને તેમાં નાના પાયાના ઉદ્યોગ એ અગત્યનુ સ્થાન ધરાવશે.

6. Dixit Annapurna and Pandey Alok kumar (2009)*"Small Scale Industries in Indian Economy : A Quantities Appraisal "*, The ICFAI University journal of Financial Economics, vol.VII, No. pp 91-108.

આ સંશોધન પેપર અન્નપુર્ણા દિક્ષિત અને આલોક કમારુ પાંડે એ સંયુકત રીતે લખ્યુ છે. આ સંશોધન લેખનો મુખ્ય ઉદ્દેશ નાના પાયાના ઉદ્યોગનો ભારતીય અર્થતંત્રના આર્થિક વિકાસમાં ફાળો તપાસવાનો રહેલો છે. જેનો સમયગાળો ૧૯૭૩ થી ૨૦૦૬ નો પસંદ કરવામાં આવ્યો છે. જેમાં આ સમયગાળાને ૧૯૭૩-૮૦,૧૯૮૧-૯૦, ૧૯૯૧-૨૦૦૦ અને ૨૦૦૧ થી ૨૦૦૬ એમ ચાર ભિન્ન સમયગાળામાં વહેંચી દેવામાં આવ્યો છે. અને આ સમયગાળા દરમિયાન નાના પાયાના ઉદ્યોગોમાં શ્રમિક અને મૂડીની ઉત્પાદકતા નો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ માટે વિવિધ પ્રકારના ટાઇમ સીરીઝ ડેટા ૧૯૭૩ થી ૨૦૦૬ ના સમયગાળા જેવા કે લઘુ ઉદ્યોગક્ષેત્રે કુલ ઉત્પાદન, કુલ મૂડીરોકાણ, ભારતની કુલ નિકાસ અને એમાં લઘુઉદ્યોગનો ટકાવારી હિસ્સો વગેરે આંકડાકીય વિગતો ઇકોનોમિક સર્વે, હેન્ડબુક ઓફ સ્ટેટેસ્ટીકસ, સેન્સેસ ઓફ એસ.એસ.આઇ. વગેરેમાંથી પ્રાપ્ત કર્યા છે.

આ સંશોધન પેપરના આંકડા વિષયક બાબતોનો અભ્યાસ કર્યા બાદ બંને લેખકો જણાવે છે કે ઔદ્યોગિકરણ એ કોઇપણ રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. અને ખાસ કરીને ભારત જેવા રાષ્ટ્ર માટે તો લઘુઉદ્યોગ એ આશીર્વાદરૂપ સાબિત થઇ ચૂકયા છે, કારણકે લઘુઉદ્યોગ એ રોજગારી સર્જનમાં અને વિદેશી હૂંડયામણ કમાવી આપવાની બાબતમા અગ્ર સ્થાન ભોગવે છે.લઘુ ઉદ્યોગ એ ઓછા મૂડીરોકાણથી શરૂ કરી શકાતા હોવાથી નાના ઉદ્યોગકાર પણ જોખમ ખેડવા માટે તૈયાર થતા હોય છે. પાછલા પાંચ દાયકા દરમિયાન લઘુઉદ્યોગ ક્ષેત્રએ સ્થિર અને એકધારો ફાળો રાષ્ટ્રીય આવકમાં આપ્યો છે. આ ક્ષેત્રએ મેન્યુફેકચરીંગક્ષેત્રે થતા કુલ ઉત્પાદનમાં ૩૯ ટકા ફાળો, ૩૪ ટકા જેટલો નિકાસ કમાણીમાં અને ૩૧.૨ મિલિયન શ્રમિકોને રોજગારી પૂરી પાડી છે. વગેરે

બાબતોનો અભ્યાસ આ સંશોધન લેખમાં કર્યો છે, અને આ સંશોધન ના અંતમાં એ તારણ બહાર આવ્યુ છે કે લઘુઉદ્યોગમાં શ્રમિક અને મૂડીની ઉત્પાદકતા ઘણી ઉંચી જોવા મળે છે.

7. **Pansera Rashid R *(*Nov.15,2005*)"Trends in financing SSI Sector in India"*. Southern Economist. Pp5-6.**

" ભારતમાં લઘુઉદ્યોગ ક્ષેત્રે ધિરાણના વલણ "આ પેપરમાં પ્રો. રશીદ પાનેસર જણાવે છે કે, છેલ્લા ત્રણ દાયકામાં લઘુઉદ્યોગ ક્ષેત્રે જે વિકાસ કર્યો છે એ આપણા ભારતીય અર્થતંત્રના સામાજીક ઉદ્દેશોના પરિપૂર્ણ કરી લગભગ ૧૬૭ લાખ લોકોને રોજગારી પૂરી પાડી છે. ૫૧૧૫૦ કરોડ જેટલી સરકારી આવકમાં વધારો કર્યો છે. અને ૪૪૦૦૦ કરોડ નિકાસ દ્વારા પ્રાપ્ત કર્યા છે. અને કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૪ ટકા ફાળો લઘુઉદ્યોગ ક્ષેત્ર આપે છે, અને કુલ નિકાસમા ૩૫ ટકા ફાળો લઘુઉદ્યોગ આપે છે. જેમાં આ પેપરના સંદર્ભમાં તેઓ જણાવે છે કે ૧૯૯૧ પછીની નવી ઔદ્યોગિક નીતિ બાદ લઘુઉદ્યોગક્ષેત્ર ને લાંબાગાળાના ધિરાણ માટેની સમસ્યા વધુ વકરી છે. અહીં આ લઘુશોધ પેપરમાં ૧૯૯૬ થી ૧૯૯૯ સુધીના ધિરાણ અંગેના આંકડા આપવામાં આવ્યા છે. જેમાં બેંકોની કુલ શાખ સામે લઘુઉદ્યોગ ને કરેલ ધિરાણ ની ટકાવારી દર્શાવવામાં આવી છે. જેની ટકાવારી ૧૫.૯૯ થી ૧૭.૩૩ ટકા ની આસપાસ બેંક ધિરાણ રહેવા પામ્યુ છે, અને અતિનાના ઉદ્યોગમાં પણ ૨૭ થી ૨૦ ટકા અર્થાત ચાર વર્ષ દરમિયાન તેમાં ઘટાડો જોવા મળે છે. આમ અહી આ પેપરમાં સંશોધક ધિરાણકીય પ્રવૃત્તિ અંગે યોગ્ય સૂચનો પણ કર્યા છે.

8. **Sankaran A and A Jagdiskumar (Nov.1,2007)*"Performance of Khadi and village industries in India "* , Southern Economist, Vol.46 pp 34-36.**

પ્રસ્તુત લઘુશોધ પેપરમાં સંશોધક ગ્રામઉદ્યોગ દ્વારા ગ્રામીણ ક્ષેત્રમાં બેરોજગારી અને ગરીબી જેવા સળગતા પ્રશ્નો દૂર કરી આર્થિક વિકાસનો દર વધારવાની વ્યુહરચના બતાવે છે. જેમાં તેઓ ગાંધી વિચારસરણી અપનાવી ગ્રામીણક્ષેત્રમાં ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમીશન (KVIC) દ્વારા ગ્રામ્ય વિકાસનો માર્ગ સૂચવે છે. જેમાં KVIC પાસેથી વર્ષ ૨૦૦૦-૦૧ થી ૨૦૦૪-૦૫ ના ઉત્પાદન, વેચાણ અને રોજગારી સંબધિત આંકડાકીય વિગતો પ્રાપ્ત કરી KVIC ની કાર્યક્ષમતા,

કામગીરી, સમસ્યા વગેરે બાબતો પર પ્રકાશ પાડયો છે. જેમાં KVIC ના મુખ્ય પ્રશ્નોમાં ગ્રામીણ વિસ્તારમાં માળખાગત સુવિધાનો વિકાસ થયેલો હોતો નથી, જેમા રોડ, રસ્તા, પાણી, વિજળી નો પૂરવઠો, વાહન વ્યવહાર ની અનિયમિતતા વગેરે બાબતો ને આ સંશોધન લેખમાં દર્શાવી છે.

❖ અભ્યાસકીય આંકડાકીય માહિતીનું વિશ્લેષણ :

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. વિવિધ સરકારી /બિનસરકારી પ્રકાશનોમાંથી પ્રાપ્ત કરેલી ભરોસાપાત્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં ટકાવારી, સરેરાશના માપો,વૃધ્ધિદર, પ્રસારમાનના માપો વિગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત જરૂર જણાઇ ત્યાં માહિતીનું યોગ્ય કોષ્ટકીકરણ કરીને માહિતીનુ વિષ્લેષણ કરીને તારણો પ્રાપ્ત કર્યા છે. વિવિધ સંબંધિત પરિબળો વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે કે કેમ તેની ચકાસણી કરવા માટે સહસંબંધ તથા કેટેગરી પરિબળો વચ્ચે સાર્થક સંબંધ છે કે કેમ તેની તપાસ કરવા માટે કાઇ-વર્ગ પધ્ધતિનો ક્રોસ ટેબલ સાથે ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્વતંત્ર પરિબળોમાં થતા પરિવર્તનોની અસર આધારિત પરિબળ પર કેટલી અને કેવી થાય છે તેની ચકાસણી કરવા માટે નિયત સંબંધ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં સામયિક શ્રેણીનો ઉપયોગ થતો હોય સામયિક શ્રણીને અનુરૂપ ગ્રાફ જેવા કે લાઇન ગ્રાફ તૈયાર કર્યા છે, અને સમયાન્તરે વિવિધ પરિબળો જેવા કે, નાના પાયાના એકમોની સંખ્યા (જિલ્લાવાર), રોજગારી, ઉત્પાદન વગેરેમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેની પણ ટકાવારી તથા અનુરૂપ ગ્રાફ દ્વારા ચકાસણી કરી છે.

ઉપરોકત દર્શાવેલા પરિબળોને ધ્યાનમાં રાખી જિલ્લાઓને ક્રમ આપવામાં આવ્યો છે અને સમયાન્તરે ક્રમોમાં કેવા પરિવર્તનો આવ્યા છે તેના માટે ક્રમિક વિશ્લેષણ (Rank Analysis) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં નકકી કરવામાં આવેલી પરિકલ્પના પરિક્ષણ માટે ‘t’ પરિક્ષણ તથા કાઇ- વર્ગ પરિકલ્પના પરિક્ષણની પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અભ્યાસલક્ષી માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત અભ્યાસના હેતુઓનો અભ્યાસ કરવા અને પરિકલ્પનાને ચકાસવા માટે અભ્યાસ વિષયક જરૂરી આંકડાકીય અને બિન આંકડાકીય માહિતી સરકારી કચેરી દ્વારા પ્રકાશિત વિવિધ માહિતી પુસ્તિકા દ્વારા મેળવવામાં આવી છે. આ અભ્યાસને અનુરૂપ તમામ પ્રકારની માહિતી મહદઅંશે ગૌણ માહિતી (પ્રકાશિત સ્વરૂપ) પર આધારિત છે.

❖ પ્રકાશિત માહિતીઃ

- આર્થિક અને સામાજિક સર્વેક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- ગુજરાત રાજય સર્વસંગ્રહ
- દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા પ્રકાશિત વિવિધ માહિતી પુસ્તિકા અને પરિપત્રો.
- દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાની જિલ્લા પંચાયત, આંકડાશાખા દ્વારા પ્રકાશિત 'જિલ્લાની આંકડાકીય રૂપરેખા' તેમજ વિવિધ માહિતી પુસ્તિકા અને પરિપત્રો.
- વિવિધ વેબસાઈટ પર મૂકવામાં આવેલી માહિતી.
- Annual Survey of Industry (ASI), Central Statistical Organization (CSO), Ministry of Statistics and Programme Implementation, Government of India, (various issues).
- Industries in Gujarat: Statistical Information, Industries Commissionerate, Gandhinagar, (various issues).
- Economic Survey, Government of India, New Delhi (various issues).
- Census of Industrial Units, Industries Commissionerate, Government of Gujarat, Gandhinagar (various issues).

❖ અભ્યાસનો સમયગાળો :

પ્રસ્તુત અભ્યાસમાં ૨૦૦૦ થી ૨૦૧૧ સુધીનો સમયગાળો પસંદ કરવામાં આવ્યો છે.

અભ્યાસની મર્યાદા :

(૧) પ્રસ્તુત અભ્યાસ એ ગૌણ માહિતી પર આધારિત છે માટે માહિતીની ચોક્કસતા તથા વિશ્વસનીયતા માહિતી પ્રાપ્ત કરવાના સ્ત્રોત પર આધારિત છે.

(૨) પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરેલા તારણો અભ્યાસના સમયગાળા દરમિયાન જ લાગુ પાડી શકાશે તેને અન્ય સમયગાળા સાથે લાગુ પાડી શકાતા નથી.

(૩) પ્રસ્તુત અભ્યાસ દક્ષિણ ગુજરાતના પસંદ કરાયેલા જિલ્લાઓ પૂરતો જ કરવામાં આવ્યો છે, માટે પ્રાપ્ત કરેલા તારણો અન્ય પ્રદેશ કે જિલ્લાઓને લાગુ પાડી શકાય નહીં.

કામચલાઉ તારણો :

- અમદાવાદ માં રાજયના સૌથી વધુ નાના પાયાના ઔદ્યોગિક એકમો આવેલા છે.જે લગભગ ૨૧ % ફાળો રાજયમાં આપે છે.
- અમદાવાદ , સુરત, રાજકોટ, વડોદરા અને વલસાડ જિલ્લામાં નાના પાયાના ઔદ્યોગિક એકમોના સૌથી વધુ ક્લસ્ટર આવેલા છે.
- સુરત જિલ્લો એ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ નાના પાયાના ઔદ્યોગિક એકમોની સંખ્યા ધરાવે છે, જયારે સમગ્ર રાજયમાં તે બીજા ક્રમે આવે છે ; જે રાજયના કુલ નાના પાયાના ઔદ્યોગિક એકમોની તુલનામાં સુરતમાં ૧૫ % આવેલા છે.
- રાજયમાં આવેલા કુલ નાના પાયાના ઔદ્યોગિક એકમોની સંખ્યાની સામે દક્ષિણ ગુજરાતમાં ૨૪.૩૫ % નાના પાયાના ઔદ્યોગિક એકમો આવેલા છે.

- સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગ શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર પૈકી શહેરી વિસ્તારમાં વધુ સ્થાનીયકૃત થયા છે. ૪૫૩૨ કુલ સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગ પૈકી ૪૫૨૦ એકમ શહેરી વિસ્તારમાં આવેલા છે.
- સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગની માલિકી સંબંધિત માહિતી નો અભ્યાસ કરતાં જણાઇ આવે છે કે પુરૂષ અને સ્ત્રી પૈકી કુલ ૪૫૩૨ એકમોના ૯૫ % એકમની માલિકી પુરૂષ નિયોજક પાસે જોવા મળી છે.
- સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગમાં સૌથી વધુ સ્ત્રી માલીકી ભરૂચ જિલ્લામાં જોવા મળી છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં કુલ સ્ત્રી માલિકી ૨૫૨ પૈકી માત્ર ભરૂચ જિલ્લામાં ૧૯૩ સ્ત્રી નિયોજકની સંખ્યા રહેવા પામી છે.
- જિલ્લાવાર એકમોની ધર્મ અનુસાર માલિકી સંબંધિત આંકડાકીય બાબતો નો અભ્યાસ કરતાં માલુમ પડે છે કે દક્ષિણ ગુજરાતમાં કુલ ૪૫૩૨ સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગ પૈકી ૩૬૨૧ એકમોની માલિકી હિંદુ ધર્મના નિયોજકની રહેવા પામી છે. જેમાં સુરત જિલ્લામાં આવેલા કુલ એકમોની માલિકી હિંદુ ધર્મના નિયોજકની રહેવા પામી છે. શીખ ધર્મ પાળતા કુલ નિયોજકોની સંખ્યા ૫૫૦ છે જે પૈકીના ૪૯૪ નિયોજકો એક માત્ર ભરૂચ જિલ્લામાં આવેલા છે, અર્થાત ૯૦ % જેટલા શીખ ધર્મ પાળતા નિયોજકોની સંખ્યા ભરૂચ જિલ્લામાં આવેલા છે.
- ભરૂચ જિલ્લામાં વિવિધ ધર્મ પાળતા નિયોજકોની સંખ્યાનો અભ્યાસ કરતાં જણાઇ આવે છે કે મુસ્લિમ નિયોજકોની કુલ સંખ્યા ૨૫૧ સામે ભરૂચ જિલ્લામાં ૨૧૯ એકમો આવેલા છે જેની ટકાવારી લગભગ ૮૮ ટકા થવા જાય છે. અને એજ પ્રમાણે ખ્રિસ્તી ધર્મ પાળતા નિયોજકોની સંખ્યા પણ ભરૂચ જિલ્લામાં સૌથી વધુ જોવા મળી છે.
- જિલ્લાવાર એકમોની ઊર્જા વપરાશ ના આધારે માલિકી તપાસતા જણાઇ આવે છે કે દક્ષિણ ગુજરાતમાં આવેલા કુલ ૪૫૩૨ સૂક્ષ્મ, મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગ પૈકી ૪૬ એકમોને ઉર્જાની જરૂર જણાતી નથી; જે પૈકી સૌથી વધુ ૪૩ એકમ માત્ર ભરૂચ જિલ્લામાં આવેલા છે. ત્યારબાદ કોલસાનો ઉપયોગ કરતાં એકમ પણ એક માત્ર ભરૂચમાં આવેલા છે. ઓઇલનો ઉર્જા

તરીકે વપરાશ કરતાં એકમ પણ માત્ર ભરૂચ માં આવેલા છે, અને તેની સંખ્યા ૩ ની છે. LPG/CNG વપરાશ કરતાં એકમની સખ્યા પણ ભરૂચ માં આવેલી છે.

- વીજળી નો વપરાશ કરતાં એકમની સંખ્યા દક્ષિણ ગુજરાતમાં અન્ય ઉર્જાના વિકલ્પ કરતાં વધુ રહેવા પામી છે. સુરત જિલ્લામાં આવેલા દરેક એકમ ઉર્જા તરીકે વીજળી નો વપરાશ કરે છે.
- દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર નિકાસ કરતા એકમોના પ્રકારનો અભ્યાસ કરતાં જણાઇ આવે છે કે કુલ નિકાસી એકમો ૩૩૧ આવેલા છે જે પૈકી ૧૯૭ નવસારી જિલ્લામાં અને ૧૦૫ ભરૂચ જિલ્લામાં આવેલા છે.
- દક્ષિણ ગુજરાતમાં જિલ્લાવાર નિકાસ કરતા એકમોનુ મૂલ્ય તપાસતા ખ્યાલ આવે છે કે કુલ ૩૨૫ એકમો થકી ૨૩૩ કરોડ રૂા. નિકાસ દ્વારા પ્રાપ્ત થયા છે, જે પૈકી સૌથી વધુ નિકાસ મૂલ્ય ૧૮૫.૪૬ કરોડ ભરૂચ જિલ્લા દ્વારા મળે છે.
- જિલ્લાવાર માંદા એકમો ની સંખ્યા તપાસતા ખ્યાલ આવે છે કે દક્ષિણ ગુજરાતમાં કુલ માંદા એકમો ૫૭ આવેલા છે જેમાં સૌથી વધુ માંદા એકમ ૫૧ એક માત્ર ભરૂચ જિલ્લામાં આવેલા છે.
- દક્ષિણ ગુજરાતમા જિલ્લાવાર આવેલા કુલ ૪૬૧૪ એકમોમાં થયેલ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય ૨૧૨૬ કરોડ થવા જાય છે. જયારે એકમદીઠ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય ૨૭૮ લાખ છે.
- દક્ષિણ ગુજરાતમા જિલ્લાવાર આવેલા કુલ ૪૬૧૪ એકમોમાં થયેલ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય ૨૧૨૬ કરોડ રૂા. પૈકી સૌથી વધુ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય જિલ્લામાં ૯૩૨.૭૨ કરોડ રૂા. ભરૂચ જિલ્લામાં થયેલુ છે.
- સૌથી ઓછુ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય ૨.૧૮ કરોડ રૂા.ડાંગ જિલ્લામાં થયેલુ છે.
- એકમદીઠ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૯૭.૦૨ લાખ રૂા. છે.
- એકમદીઠ પ્લાન્ટ અને મશીનરી નુ વાસ્તવિક મૂલ્ય દક્ષિણ ગુજરાતમાં સૌથી ઓછુ નર્મદા જિલ્લામાં ૧૮.૧૭ લાખ રૂા. છે.

- ગુજરાતમાં જી.આઇ.ડી.સી. ૧૯૯ આવેલી છે જે પૈકી એકલા દક્ષિણ ગુજરાતમાં ૫૨ જી.આઇ.ડી.સી આવેલી છે.
- વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં ૨૦૦૧-૦૨ થી ૨૦૧૧-૧૨ ના સમય ગાળા દરમિયાન કુલ ૬૫૬૫ એકમના લક્ષ્યાક સામે ૫૮૨૮ સિધ્ધિ પ્રાપ્ત થઇ હતી અને તે અંતર્ગત ૩૩૮૦.૧૨ લાખ રકમની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ રકમની ફાળવણી ભરૂચ અને અંકલેશ્વર તાલુકાને મળી હતી.
- માનવ કલ્યાણ યોજના અંર્તગત ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨ ના સમયગાળામાં ૧૦૪૧૩ ઔદ્યોગિક એકમાના લક્ષ્યાંક પૈકી ૯૬૯૦ એકમોને સહાય પ્રાપ્ત થઇ હતી અને તેનુ પ્રમાણ ૨૧૬૬.૪૭ લાખ હતુ.
- લઘુ, નાના અને મધ્યમ કદના સાહસો એ વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના ગાળામાં તાપી અને ડાંગ જિલ્લામાં તેનુ પ્રમાણ શૂન્ય રહેવા પામ્યુ છે જે ચિંતાજનક બાબત ગણી શકાય.
- નર્મદા જિલ્લામાં લઘુ, નાના અને મધ્યમ કદના સાહસો એ વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના સમય ગાળામાં કુલ ૩૦૨ જેટલા નોંધાયા હતા જેમાં ૧૩૦૭ જેટલી રોજગારીની તકો ઉભી થવા પામી હતી.
- વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના સમય ગાળામાં સૌથી વધુ લઘુ, નાના અને મધ્યમ કદના સાહસોનુ પ્રમાણ સુરત જિલ્લામાં જોવા મળ્યુ છે જે ૧૮૨૮૦ જેટલા એકમ માત્ર સુરત જિલ્લામાં એકમ નોંધાયાા હતા. અને તે એકમ દ્વારા ઉભી થયેલી રોજગારી નુ પ્રમાણ પણ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ હતુ, જે ૨૪૦૭૮૫ લાખ હતુ.
- વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના સમય ગાળામાં લઘુ, નાના અને મધ્યમ કદના સાહસોનુ પ્રમાણ વલસાડ જિલ્લામાં ૨૧૪૯ જેટલા એકમ નોંધાયા હતા અને તે સાહસ દ્વારા ઉભી થયેલી રોજગારી નુ પ્રમાણ ૪૮૮૬૧ જેટલુ હતું.
- વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના સમય ગાળામાં લઘુ, નાના અને મધ્યમ કદના સાહસોનુ પ્રમાણ નવસારી જિલ્લામાં ૯૪૬ જેટલા એકમ નોંધાયા હતા અને તે સાહસ દ્વારા ઉભી થયેલી રોજગારી નુ પ્રમાણ ૬૪૯૬ જેટલુ હતું.

- વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૦૯-૧૦ ના સમય ગાળામાં લઘુ, નાના અને મધ્યમ કદના સાહસોનુ પ્રમાણ ભરૂચ જિલ્લામાં ૧૫૧૫ એકમ નોંધાયા હતા અને તે દ્વારા ઉભી થયેલી રોજગારી નુ પ્રમાણ ૨૭૧૪૫ હતું.

પ્રસ્તુત અભ્યાસ ૬ પ્રકરણમાં વહેંચવામાં આવ્યો છે. જેની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

- **પ્રકરણ આયોજન :-**

પ્રકરણઃ ૧

પ્રથમ પ્રકરણ અભ્યાસનું પૂર્વભૂમિકારૂપ પ્રકરણ છે, જેમાં ભારતીય અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રો અને તેમાં ઔદ્યોગિકક્ષેત્રનું સ્થાન અને ઔદ્યોગિકક્ષેત્રમાં નાના પાયાના ઉદ્યોગ, મધ્યમકદના અને મોટાકદના ઉદ્યોગ અંગેનું માળખુ અને અભ્યાસના હેતુઓ, પરિકલ્પના, અભ્યાસલક્ષી માહિતીનું એકત્રીકરણ, સંશોધન પ્રશ્ન, અભ્યાસકીય માહિતીનું વિશ્લેષણ લઘુ ઉદ્યોગનો અર્થ, મહત્વ અને ઉદ્યોગ સહાયક નાણાકીય અને બિન નાણાકીય સંસ્થા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

પ્રકરણઃ ૨

સંશોધન અભ્યાસ સાથે સંકળાયેલા જરૂરી સાહિત્યનું વિહંગાવલોકન.

પ્રકરણઃ ૩

આ પ્રકરણ દક્ષિણ ગુજરાત ના વિવિધ જિલ્લા વિશેની સંપૂર્ણ તલસ્પર્શી માહિતી રજૂ કરે છે. અહીં જિલ્લાની વસ્તી વિષયક રૂપરેખા, માળખાગત સુવિધા જેમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રસ્તા, રેલ્વે અને નાના-મધ્યમ-મોટા કદના ઔદ્યોગિક એકમો, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, શાળા, કોલેજ, કૃષિ વિષયક જમીન, પાક, આબોહવા વગેરે વિશેની વિસ્તૃત અને સ્પષ્ટ માહિતી રજૂ કરવામાં આવી છે. જે દક્ષિણ ગુજરાતથી સંપૂર્ણપણે પરિચિત બનાવે છે.

પ્રકરણઃ ૪

(૧) નવી આર્થિક નીતિ અને લઘુ ઉદ્યોગ

(૨) નવી ઔદ્યોગિક નીતિ (૨૦૦૯) અને લઘુ ઉદ્યોગ

પ્રકરણઃ ૫

દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં નાના પાયાના ઉદ્યોગોની ભૂમિકા- વિવિધ તાલુકામાં નોંધાયેલા નાના પાયાના એકમો, તેમાં થયેલ મૂડીરોકાણ નુ પ્રમાણ તપાસવામાં આવ્યુ છે. અને તે દ્વારા ઊભી થયેલ રોજગારીની તકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અને વિવિધ આંકડાકીય માહિતીનુ વિષ્લેષણ કરવામાં આવ્યુ છે.

પ્રકરણઃ ૬

સારાંશ

(અ) અભ્યાસના તારણો

(બ) સૂચનો અને

(ક) નીતિ વિષયક સૂચિતાર્થ

પરિશિષ્ટઃ

આ અભ્યાસમાં જરૂરી એવી માહિતીને લગતા કોષ્ટક, આલેખ તથા અન્ય જરૂરી એવી માહિતી દર્શાવવામાં આવી છે.

સંદર્ભ સૂચિઃ

પુસ્તકો :

1. Uma, Kapila. (2005). *Understanding the Problems of Indian Economy*. New Delhi: Academic Foundation.
2. Francis Cherunilum. (1989). *Industrial Economics – Indian Perscpective*. Bombay: Himalaya Publishing House.

3. Misra, R.N. (2005). *Problems and Prospects of Small Industries*. New Delhi: Discovery Publishing House.

4. Bhatnagar Veena. (1995). *Small Scale Industry Concept Status and Policy*. Delhi: Kaveri Books.

૫. જોશી, વી.એચ. (૨૦૦૦). ભારતની આર્થિક સમસ્યાઓ. ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૬. સંઘવી, આર. એલ. (૧૯૯૦). નાના પાયાના ઉદ્યોગો.ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૭. શાહ, જે.આર. (૧૯૭૬). ભારતના અર્થકારણનો વિકાસ. ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૮. સુથાર, હરજીવન. (૧૯૮૪). ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૯. જોશી, વી.આર.(૧૯૭૪) ભારતીય ઉદ્યોગોનું સંગઠન. ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૧૦. ઠક્કર, ગીરીશ. (૧૯૭૨). ઉદ્યોગોનું અર્થશાસ્ત્ર. ગુજરાત રાજયઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

સંશોધન પત્રો :

11. Sahu, Anilkumar and Pathy, Satya N. (2005). "The Role of District Industrial Centre for the Development of Small Industry". Misra R.N. (ed.). *Problem and Prospects of Small Industry*, New Delhi: Discovery Publishing House.

12. Ayyannar G. (jan 15, 2012.)*"Employment Opportunity and Export performance of SSI in India. "*, Southern Economist Vol-50/ No.18

13. Dixit Annapurna and Pandey Alok kumar (2009)*"Small Scale Industries in Indian Economy : A Quantities Appraisal "*, The ICFAI University journal of Financial Economics, vol.VII, No. pp 91-108.

14. જોષી નંદાબેન અને જોષી મેઘા (ફેબ્રુઆરી ૨૦૧૧) *''ગુજરાતનું અર્થતંત્ર અને લઘુઉદ્યોગો''*; વર્ષ : ૪૪, અંક ૨ અર્થસંકલન

15. Paramasivan C. (june 15, 2000)"Economics of Small Scale Textile Industries : A Micro Study" Southern Economist Vol.48 No. 20.

16. Pansera Rashid R *(*Nov.15,2005*)"Trends in financing SSI Sector in India"*. Southern Economist. Pp5-6.

17. Sankaran A and A Jagdiskumar (Nov.1,2007)*"Performance of Khadi and village industries in India "* , Southern Economist, Vol.46 pp 34-36.

લઘુશોધ નિબંધ :

18. પરમાર ભાવેશ આર. (ઓકટોબર, ૨૦૦૮). ''રોજગારી અને લઘુઉદ્યોગના વિકાસમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભૂમિકા *(ભરૂચ જિલ્લાના સંદર્ભમાં)*''. એમ.ફિલ. લઘુશોધનિબંધ (અપ્રકાશિત). સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

ભાવેશ આર. પરમાર — ડૉ. કિરણ પંડ્યા

સંશોધક — માર્ગદર્શક